૫

સરકારી કુમાર છાત્રાલય, કોલેજ કક્ષા(વિ.જા.), ભાવનગર માટે નવું મકાન ભાડે રાખવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૧૭૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૭/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ નં. સશપ/૧૦૨૦૧૩/૬૨૮૯૯૫(Part file)/અ.૧

(૨) વૈશાલી એન્ટરપ્રાઇજના બિલ્ડીંગના સહમાલીક વતીના તા.૧૨/૦૮/૨૦૨૧નો પત્ર

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૩/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ નં. વિજાક/સછા/મ.ભા./૨૧-૨૨/૧૦૦૬

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૦/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ નં. વિજાક/સછા/મ.ભા./૨૧-૨૨/૧૦૯૨

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૪/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ નં. વિજાક/સછા/મ.ભા./૨૧-૨૨/૫૬

(૬) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૫/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ નં. વિજાક/સછા/મ.ભા./૨૦૨૧-૨૨/૧૮૩

(૭) નાણાં વિભાગનો તા.૧૨/૦૯/૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃ મકન/૧૦૨૦૧૪/૧૧૮૧/ઝ

આમુખઃ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરથી વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૬ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, કોલેજ કક્ષા(વિ.જા.), ભાવનગર માટે વૈશાલી એન્ટરપ્રાઇઝ ખાતે મકાન ભાડેથી રાખવામાં આવેલ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરથી વૈશાલી એન્ટરપ્રાઇજના બિલ્ડીંગના સહમાલીકો વતીના તા.૧૨/૦૮/૨૦૨૧ના પત્રથી ઉક્ત ભાડે રાખેલ મકાન ઘણું જુનુ અને જર્જરીત હોવાથી ખાલી કરવા જણાવેલ, વંચાણે લીધેલ (૩) થી (૬)ના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રો દ્વારા સરકારી કુમાર છાત્રાલય, કોલેજ કક્ષા. (વિ.જા.), ભાવનગર માટે શ્રી ધાંધલીયા ધીરૂભાઇ બચુભાઇની માલિકીનું પ્લોટ નં.૨૬, "શિવમ-રતન" દુખીશ્યામ બાપા સર્કલ પાસે, તળાજા રોડ, ભાવનગર ખાતે આવેલ મકાન ભાડેથી રાખવા માટે દરખાસ્ત કરેલ હતી. અને

વંચાણે લીધેલ (૭) નાણાં વિભાગના પરિપત્રમાં જણાવ્યા મુજબના પરિશિષ્ટ સહિતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય, કોલેજ કક્ષા, (વિ.જા.), ભાવનગર માટે શ્રી ધાંધલીયા ધીરૂભાઇ બચુભાઇની માલિકીનું પ્લોટ નં.૨૬, "શિવમ-રતન" દુખીશ્યામ બાપા સર્કલ પાસે, તળાજા રોડ, ભાવનગર ખાતે માસિક રૂ.૧,૦૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પાંચ હજાર પુરા)થી ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મકાનનું ભાડું મંજૂર થયા બાદ, જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાન ભાડું ચૂકવવાનું રહેશે.

(૨) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૩) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૪) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.

(૫) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૬) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૮) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

(૯) ફાયર સેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી(આ.બા), નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર

(૪) નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ભાવનગર. [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેકટ ફાઇલ